


# NRG TIMES

A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION

CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY


75 Azadi Ka Amrit Mahotsav

G20 भारत 2023 INDIA वसुधैव कुटुम्बकम् ONE EARTH • ONE FAMILY • ONE FUTURE

પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર | તા. ઓગસ્ટ ૧૫, ૨૦૨૩ • અધિક શ્રાવણ વદ ૧૪ સંવત ૨૦૭૯



NGF Gujarat State Non-Resident Gujaratis' Foundation (A Government of Gujarat Organization)



**Shri Bhupendra Patel**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Harsh Sanghvi**
Hon'ble Minister of State for NRGs (Independent Charge), Govt. of Gujarat



**Shri Mohammad Shahid, IAS**
Hon'ble Chairman, GSNRGF,
Principal Secretary (NRI),
Govt. of Gujarat



**Shri V. G. Rore**
Director
GSNRGF

Contact Address

**Gujarat State Non-Resident Gujaratis' Foundation**
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF



FOR PRIVATE CIRCULATION ONLY


## વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪ના પૂર્વાર્ધરૂપે કરોડોના રોકાણો સાથેના MoU




વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં ગુજરાતને બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટ તરીકે પ્રસ્થાપિત કરતી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની દસમી શ્રેણી જાન્યુઆરી-૨૦૨૪માં યોજાવાની છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે આ સમિટને સફળ બનાવવા માટેના શ્રેણીબદ્ધ આયોજનો હાથ ધર્યા છે. આ વાયબ્રન્ટ સમિટ દેશ-વિદેશનાં રોકાણકારો, ઉદ્યોગકારો માટે ગ્લોબલ પ્લેટફોર્મ બની રહી છે. આ સંદર્ભમાં વાયબ્રન્ટ સમિટ-૨૦૨૪ના પૂર્વાર્ધરૂપે રાજ્ય સરકારે વિવિધ ઉદ્યોગો સાથે અત્યારથી જ MoU કરવાનો ઉપક્રમ પ્રયોજ્યો છે.

આ ઉપક્રમનાં બીજા તબક્કામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં વિવિધ ઉદ્યોગગૃહો દ્વારા રાજ્યમાં ઉદ્યોગો શરૂ કરવા માટે બુધવાર, ૨ ઓગષ્ટે ગાંધીનગરમાં MoU કરવામાં આવ્યા હતા. તદ્નુસાર કેમિકલ સેક્ટરમાં કુલ ૧૪૦૧ કરોડ રૂપિયાના રોકાણો માટે ૪ ઉદ્યોગગૃહોએ MoU કર્યા હતા. આ ઉદ્યોગો ભરૂચ જિલ્લાની સાયખા તથા દહેજ GIDCમાં પોતાના ઉદ્યોગો શરૂ કરશે અને અંદાજે ૨૨૮૫ જેટલા સંભવિત રોજગાર અવસરો પૂરા પાડશે.

આ પહેલના ત્રીજા તબક્કામાં, મુખ્યમંત્રીશ્રીની હાજરીમાં, ૮ ઓગસ્ટ, મંગળવારના રોજ કુલ ૧૧૧૩ કરોડ રૂપિયાના રોકાણ સાથેના ૪ વધુ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. કેમિકલ સેક્ટરમાં ૩૦૦ કરોડના રોકાણ માટે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. મેઘમણી ક્રોપ ન્યુટ્રિશન લિમિટેડ ૨૦૨૫-૨૬ સુધીમાં સાણંદ ખાતે નેનો લિક્વિડ ફર્ટિલાઇઝર પ્લાન્ટ શરૂ કરશે.

દર અઠવાડિયે ત્રણ જુદા જુદા તબક્કામાં યોજાતી આ એમઓયુ હસ્તાક્ષર પહેલ દરમિયાન રૂ. ૩૮૭૪ કરોડના રોકાણના ૧૪ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ ઉદ્યોગો શરૂ થવાથી આવનારા દિવસોમાં ૯૫૦૦થી વધુ સંભવિત રોજગારીની તકો ઉભી થશે.

એમઓયુ મુજબ, વન્ડર સિમેન્ટ લિમિટેડ ગુજરાતમાં તેનો પ્રથમ પ્રોજેક્ટ શરૂ કરશે, ઉપરાંત, Hami Wevelon, વિસ્કોસ સ્ટેપલ યાર્ન અને પોલિએસ્ટર સ્ટેપલ યાર્ન પ્રોજેક્ટ અને મોરાઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્ડસ્ટ્રીયલ પાર્ક શરૂ કરશે.

MoU કરનારા સૌ ઉદ્યોગકારોએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની મેક ઈન ઈન્ડીયા નેમ સાકાર કરતું બેસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગુજરાતમાં છે તેના પરિણામે તેઓ પોતાના ઉદ્યોગો ગુજરાતમાં શરૂ કરવા આકર્ષિત થયા છે તેમ જણાવ્યું હતું. એટલું જ નહિ, રાજ્યમાં સરળતાએ ઉદ્યોગો શરૂ કરી શકાય તેવું પ્રો-એક્ટીવ એડમીનીસ્ટ્રેશન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં છે તેની પણ પ્રશંસા કરી હતી.

(Source : https://gujaratinformation.gujarat.gov.in)

# ગુજરાતી મૂળની લેખિકા ચેતના મારુની નવલકથા બુકર પ્રાઈઝ માટે શોર્ટલિસ્ટ






બ્રિટનની રાજધાની લંડનમાં રહેતા ગુજરાતી મૂળના લેખિકા ચેતના મારુની પહેલી નવલકથા 'વેસ્ટર્ન લેન'ને બુકર પુરસ્કાર ૨૦૨૩ના સંભવિત ૧૩ વિજેતા પુસ્તકોની યાદીમાં સામેલ કરવામાં આવી છે. બ્રિટનમાં રહેતા ગુજરાતીઓના વાતાવરણની પૃષ્ઠભૂમિમાં લખાયેલી આ નવલકથા ૧૧ વર્ષની છોકરી ગોપી અને તેના પરિવાર સાથેના સંબંધો પર આધારિત છે. 'વેસ્ટર્ન લેન' દુ:ખથી ઝઝૂમી રહેલા એક પરિવારની વાત છે. નવલકથામાં કુશળતાથી સ્ક્વોશની રમતના શબ્દભંડોળનો ઉપયોગ સંદર્ભ અને ઉપમા બંને માટે કરવામાં આવ્યો છે, જેની જ્યુરીએ પ્રશંસા કરી હતી.

(Source : www.gujaratsamachar.com)

# શ્રી સ્નેહલતાગંજ (ઈન્દોર) ગુજરાતી મિત્ર મંડળની કારોબારી સમિતિની રચના




શ્રી સ્નેહલતાગંજ ગુજરાતી મિત્ર મંડળની સામાન્ય સભા ૬ ઓગસ્ટે ગુજરાતી સમાજ ગેસ્ટ હાઉસ, સ્નેહલતાગંજ, ઈન્દોર ખાતે મળી હતી જેમાં આગામી બે વર્ષ માટે નવી કારોબારી સમિતિની રચના કરવામાં આવી. રાજેન્દ્રભાઈ પટેલને સર્વસંમતિથી પ્રમુખ બનાવવામાં આવ્યા ઉપરાંત અન્ય ૧૬ કારોબારી સભ્યોની પસંદગી કરવામાં આવી હતી. આ સામાન્ય સભામાં મિત્ર મંડળના ૭૫ પરિવારોએ ભાગ લીધો હતો. સભામાં મિત્ર મંડળની નોંધણી અંગે ચર્ચા કરવામાં આવી હતી જેના પર સૌએ સંમતિ દર્શાવી હતી.

(Sources : www.bhaskar.com)



# વર્લ્ડ બેન્કમાં ઇન્વેસ્ટમેન્ટ બેન્કર એનાલીસ્ટ તરીકે ગુજરાતી યુવતી



પોરબંદરની માધવાણી કોલેજના બીબીએના વ્યાખ્યાતા રામભાઇ કેશવાલાની પુત્રી હિરલની તાજેતરમાં વર્લ્ડ બેન્કમાં ઇન્વેસ્ટમેન્ટ બેન્કર એનાલીસ્ટ તરીકે નિમણુંક થઈ છે. તેમણે વાર્ષિક એક કરોડ વીસ લાખ રૂપિયાના પેકેજથી આ નોકરી સ્વીકારી છે અને તેની નિમણુંક યુરોપના ઓસ્ટ્રિયા દેશમાં થશે. હિરલે ધો.૧૦માં પોરબંદર જીલ્લામાં દ્વિતીય ક્રમ મેળવ્યો હતો. ત્યારબાદ ધો.૧૨ સાયન્સમાં તેઓ જીલ્લા કક્ષાએ ત્રીજા ક્રમે આવ્યા હતા. ધો.૧૨ પછી નિરમા યુનિવર્સિટીમાં બી.ટેકનો અભ્યાસ કર્યા બાદ ત્રણ વર્ષ ગોલ્ડમેન કંપનીમાં ફરજ બજાવી હતી. ત્યારપછી પેરીસમાં આવેલી પ્રખ્યાત બિઝનેસ સ્કુલ 'હેક બિઝનેસ સ્કુલ'માં એમ.બી.એ.નો અભ્યાસ પૂર્ણ કરી તેમણે લંડનની સીટી બેંકમાં આસિસ્ટન્ટ વાઇસ પ્રેસિડેન્ટ તરીકે નોકરી સ્વીકારી હતી. ગુજરાતમાં તેમજ ગુજરાત બહાર વસતા ગુજરાતીઓમાં હિરલ જેવી અનેક પ્રતિભાઓ રહેલી છે કે જેઓ પોતાની આગવી મહેનત અને સૂઝબુઝથી પોતાના ક્ષેત્રમાં શ્રેષ્ઠતમ સિદ્ધિઓ હાંસિલ કરીને ગુજરાતનું નામ વૈશ્વિક સ્તરે રોશન કરી રહી છે.

(Source : http://jaihindnewspaper.com)

# પ્રો. હસમુખ શાહ BEMનું ફર્સ્ટ મિનિસ્ટર ઓફ વેલ્સ દ્વારા સન્માન



પ્રોફેસર હસમુખ શાહ BEMને ૩૦ જુલાઇ ૨૦૨૩ના દિવસે લાન્ટ્રિસૈન્ટ, વેલ્સની રોયલ ગ્લેમોર્ગન હોસ્પિટલ ખાતે NHS75ની ઉજવણી દરમિયાન BAPIO (બ્રિટિશ એસોસિએશન ઓફ ફિઝિશિયન્સ ઓફ ઇન્ડિયન ઓરિજિન) વેલ્સના કાર્યક્રમમાં NHSને દીર્ઘકાલીન સેવા આપવા બદલ વેલ્સના ફર્સ્ટ મિનિસ્ટર પ્રોફેસર માર્ક ડ્રેક્સફોર્ડ MS દ્વારા સન્માનીત કરવામાં આવ્યા હતા. પ્રો. હસમુખ શાહ BEMએ વેલ્સના પ્રમાણમાં વંચિત વિસ્તારમાં આરોગ્યની પરિસ્થિતી સુધારવાના કાર્યમાં NHSને પોતાના જીવનના લગભગ ૫૦ વર્ષ સમર્પિત કર્યા છે.

(માહિતી સંદર્ભ : ગુજરાત સમાચાર (યુકે), તા. ૧૨-૮-૨૦૨૩)

# ગુજરાત બહાર વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાને સમાજ ભવનના નિર્માણ માટે ગુજરાત સરકાર દ્વારા આર્થિક સહાય

ગુજરાત સરકાર દેશવિદેશમાં રહેતા ગુજરાતીઓની હરહંમેશ પડખે છે. ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાઓને ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે આર્થિક સહાય આપવાની યોજના રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી છે.

રાજ્ય સરકાર દ્વારા કરાયેલ ઠરાવની જોગવાઈઓ અનુસાર અન્ય રાજ્યમાં વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાઓને નિશ્ચિત શરતોને આધીન ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, ખરીદી કે વિસ્તરણ હેતુ માટે તથા મરામત, સમારકામ કે નવીનીકરણના ખર્ચ પેટે આર્થિક સહાય મંજૂર કરવા ઠરાવેલ છે. અગાઉ આ ઠરાવની જોગવાઇ અન્વયે સમાજ ભવનના બાંધકામ માટે સંભવિત ખર્ચના ૨૫ ટકા અથવા રૂપિયા ૨૨ લાખ બેમાંથી જે ઓછું હોય, તે મુજબ આર્થિક સહાય મંજૂર કરવામાં આવતી હતી.

તા, ૩૦-૮-૨૦૧૯ના ઠરાવથી આ જોગવાઇઓમાં સુધારો કરવામાં આવ્યો છે, જે મુજબ હવે સમાજ ભવનના બાંધકામ માટે વધુમાં વધુ ૪૦ લાખ રૂપિયા અથવા ખરેખર ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછી હોય તે રકમ સહાય તરીકે મંજૂર કરવાની અને મંજૂર થયેલ સહાય પૈકી બાંધકામ લિન્ટલ લેવલ સુધીનું થાય ત્યારે મંજૂર થયેલ સહાયની ૫૦ ટકા રકમ અને બાકીની ૫૦ ટકા રકમ બાંધકામનું કાર્ય પૂર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર રજૂ કર્યા પછી ચૂકવવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાત સરકારે બિન નિવાસી ગુજરાતીઓ પ્રત્યે હંમેશા ઉદાર ભાવના દાખવી મહત્વના નિર્ણયો કર્યાં છે. અન્ય રાજ્યમાં આવેલ ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ. ૪૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમ તેમજ હયાત સમાજ ભવનના મરામત માટે સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ. ૧૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમ ચૂકવવાનો નિર્ણય કરાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે અત્યાર સુધીમાં દેશના ૯ રાજ્યોમાં આવેલા ૨૨ ગુજરાતી સમાજોને સમાજ ભવનના નિર્માણ કે મરામત માટે અંદાજિત રૂ. ૧ કરોડ ૯૦ લાખની સહાય ચૂકવી છે. છેલ્લા ૨ વર્ષમાં છત્તીસગઢના ભિલાઈનગર ખાતેના ગુજરાતી સમાજ, આસામના ગૌહાતી ખાતેના ગુજરાતી સમાજ, આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતેના ગુજરાતી સમાજ અને ઓરિસ્સાના ભદ્રક ખાતેના ગુજરાતી સમાજ માટે આર્થિક સહાય મંજૂર કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ સહાય કેટલીક શરતોને આધિન આપવામાં આવે છે, જેવીકે:

- આ સમાજ ભવનનો ઉપયોગ મૂળ ગુજરાતની કોઈ પણ વ્યક્તિને નાત, જાત, ધર્મ કે અન્ય ભેદભાવ સિવાય કરવા દેવાનો રહેશે.
- ઉક્ત સમાજ ભવનનો ઉપયોગ સાંસ્કૃતિક, શૈક્ષણિક, સામાજિક, કલા વિષયક અને કલ્યાણકારી પ્રવૃતિઓ માટે જ કરવાનો રહેશે.
- સમાજ ભવનના બાંધકામનું કામ વધુમાં વધુ ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાનું રહેશે.
- સમાજ ભવનના બાંધકામનું કાર્ય પૂર્ણ થયે ખરેખર થયેલ ખર્ચની વિગતો રજૂ કરવાની રહેશે.
- આ સહાય મળી ગયા બાદ પણ સંસ્થાએ તેના વાર્ષિક હેવાલ નિયમિત રીતે ગુજરાત સરકારને મોકલવાના રહેશે.
- આ સંસ્થાનું વિસર્જન થાય ત્યારે તેના મકાનના યોગ્ય નિકાલ વખતે સંસ્થાએ ગુજરાત સરકારનો સંપર્ક સાધવાનો રહેશે અને ગુજરાત સરકારે આપેલ સહાયની રકમ વેચાણ કિંમતમાંથી પરત કરવાની રહેશે.

## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહ્વાન



અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@yahoo.co.in) દ્વારા , કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહ્વાન છે.

## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડતા એન.આર.જી. સેન્ટર



બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.

આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.

- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## ગુજરાત કાર્ડ ઓનલાઈન મેળવો



બિન - નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડૉલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.

# ભારતીયોને ફક્ત ચાર દિવસમાં રશિયાના ઇ-વિઝા મળશે




રશિયાએ ૧ ઓગસ્ટથી ભારતીયો માટે ઇ-વિઝા શરૂ કર્યા છે, જે ચાર દિવસની અંદર મળી જશે. રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયા બાદ ૧૭ હજારથી વધુ ભારતીયોને ત્યાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. યુદ્ધ અને પશ્ચિમી દેશોના પ્રતિબંધોને કારણે કટોકટીનો સામનો કરી રહેલા પ્રવાસન ઉદ્યોગને પુનર્જીવિત કરવા રશિયાએ ઇ-વિઝા શરૂ કર્યા છે.

**કોને કોને ઇ-વિઝા મળશે ?**

રશિયાએ ભારત, ચીન અને આફ્રિકન દેશો સહિત કુલ ૫૪ દેશો માટે ઇ-વિઝા સુવિધા શરૂ કરી છે. ઇ-વિઝા પણ સામાન્ય વિઝા જેવા જ છે, ફરક માત્ર એટલો જ છે કે હવે લોકોને સામાન્ય વિઝા માટે એમ્બેસીના ચક્કર કાપવા નહીં પડે. આ અંતર્ગત પ્રવાસીઓ, વેપારી અને મુલાકાતીઓને લાભ મળશે. આ સિવાય વૈજ્ઞાનિક, સાંસ્કૃતિક, સામાજિક, રાજકીય, આર્થિક અને રમતગમતના કાર્યક્રમોમાં ભાગ લઈ શકે છે. રશિયાના જાહેર સુરક્ષા મંત્રાલયનું કહેવું છે કે ઇ-વિઝા લોકોને વિઝા મેળવવાનું ઝડપી અને સરળ બનાવશે.

**કેટલા દિવસ માટે મળશે ઇ-વિઝા ?**

ઇ-વિઝા ૬૦ દિવસ માટે માન્ય ગણાશે. આ દરમિયાન વિઝાધારકોને રશિયામાં પ્રવેશ કરવો જરૂરી બનશે. રશિયામાં પહોંચ્યા બાદ ઇ-વિઝા ધારકો ૧૬ દિવસ સુધી રહી શકે છે.

**અરજી કરતાં પહેલાં શું ધ્યાનમાં રાખવું ?**

મુસાફરીના ૪૦ દિવસથી વધુ સમય પહેલાં અરજી કરવી નહીં અને ઓછામાં ઓછા ૪ દિવસ અગાઉ અરજી કરવી. આ માટે ૩૩૦૦ રૂપિયા કાઉન્સેલર ફી લેવામાં આવશે. રશિયાના વિદેશ મંત્રાલયની ઇ-વિઝા વેબસાઇટ https://evisa.kdmid.ru પર જઈ ટુરિસ્ટ ઇ-વિઝા પર ક્લિક કરી અરજી કરી શકાશે.

(માહિતી સંદર્ભ : દિવ્ય ભાસ્કર, તા. ૪ ઓગસ્ટ ૨૦૨૩)

# ભારતીયોને હવે સાઉદીના ઈ-વિઝા ઓનલાઈન જ મળી જશે

સાઉદી અરેબિયાએ ભારતીય ટુરિસ્ટોને આકર્ષવા માટે પ્રયાસ શરૂ કર્યા છે. ભારતીય પાસપોર્ટધારકો સાઉદી અરેબિયાના ઈ-વિઝા માટે સરળતાથી અરજી કરી શકશે. આ અરજી હવે ઓનલાઈન કરી શકાશે. જે ભારતીય પાસપોર્ટધારકોના પાસપોર્ટ પર કમ સે કમ એક વખત અમેરિકા, યુકે અથવા શેનઝેન વિઝાના સ્ટેમ્પ હશે, તેઓ સાઉદી અરેબિયાના ઈ-વિઝા માટે ઓનલાઈન અરજી કરી શકશે. આ ઉપરાંત સાઉદી અરેબિયા દ્વારા ભારતમાં નવ જગ્યાએ VFS વિઝા ઓફિસ પણ ખોલવામાં આવશે, જેના દ્વારા તે સંભવિત વિઝાધારકોને જરૂરી વહીવટી સગવડ આપી શકશે.

સાઉદી ટુરિઝમ ઓથોરિટીના પ્રેસિડન્ટ અલહસન અલદાબાગે જણાવ્યું કે ૨૦૩૦ સુધીમાં સાઉદી અરેબિયામાં એક કરોડ ભારતીય ટુરિસ્ટ આવે તેવી શક્યતા છે. સાઉદીએ ૯૬ કલાકના સ્ટોપઓવર વિઝા દ્વારા પણ મોટી સંખ્યામાં લોકોને આકર્ષ્યા છે. સાઉદી અરેબિયા માટે ભારત એ સૌથી ઝડપથી વિકસતા બજારો પૈકી એક છે. દર વર્ષે લગભગ ૧૦ લાખ ભારતીયો સાઉદી અરેબિયાની મુલાકાતે જાય છે. ૨૦૨૨માં સાઉદીમાં બહારથી જે પ્રવાસીઓ આવ્યા હતા તેમાં ભારતીય પ્રવાસીઓની સંખ્યા લગભગ ૨૦ ટકા હતી. ભારતના ટુરિસ્ટને આકર્ષવા માટે સાઉદી અરેબિયા દિવાળી વખતે એક ખાસ કેમ્પેઈન શરૂ કરશે જેનાથી ભારતીય પ્રવાસીઓમાં સાઉદી અરેબિયા વિશે કનેક્શન વધશે.

ભારતીય પાસપોર્ટધારકો સાઉદી અરેબિયાની મુલાકાતે જવા માંગતા હોય તો તેમને પ્રવાસ અગાઉ વિઝાની જરૂર પડે છે. ચોક્કસ ક્રાઈટેરિયાનું પાલન કરતા ભારતીયોને વિઝા ઓન એરાઈવલ મળી શકે છે. આ માટે જરૂરી ડોક્યુમેન્ટમાં પાસપોર્ટ, ફોટોગ્રાફ, વિઝા એપ્લિકેશન ફોર્મ, રહેઠાણના પુરાવા, ફાઈનાન્સના પુરાવા, રોજગાર અને ટ્રાવેલ ડોક્યુમેન્ટનો સમાવેશ થાય છે. સાઉદી અરેબિયાએ જે દેશોને વિઝા એક્ઝેમ્પ્ટ જાહેર કર્યા છે તેમાં ભારતનો સમાવેશ નથી થતો તેથી ભારતીયોએ વિઝા લઈને સાઉદી જવાનું હોય છે.

(Source : www.iamgujarat.com)

# ફ્રાન્સ 30 હજાર ભારતીયોને પાંચ વર્ષના શેનઝેન વિઝા આપશે - જર્મનીએ પ્રોસેસિંગ સમય ઘટાડ્યો



ફ્રાન્સ આગામી સાત વર્ષમાં ૩૦ હજાર ભારતીય વિદ્યાર્થીઓને પોતાને ત્યાં આવવા માટે પ્રોત્સાહન આપવાની તૈયારીમાં છે. ફ્રાન્સ સરકારે શૈક્ષણિક, સાંસ્કૃતિક અને મૈત્રીપૂર્ણ સંબંધો માટે આ યુવાનો માટે પાંચ વર્ષના શેનઝેન વિઝા શરૂ કરવાની તૈયારી કરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ તાજેતરની ફ્રાન્સ દરમિયાન રાષ્ટ્રપતિ ઇમેનુઅલ મેંક્રો સાથે વાતચીત કરી હતી. આ વાતચીત દરમિયાન થયેલ સહમતિ મુજબ આ પહેલ કરવામાં આવી રહી છે. પીજી અથવા તો તેનાથી ઉપરની ડિગ્રી ધરાવતા લોકો અને ઓછામાં ઓછા એક સેમિસ્ટર ફ્રાન્સમાં અભ્યાસ કરી ચૂકેલા વિદ્યાર્થીઓને પાંચ વર્ષ માટે શેનઝેન વિઝાનો લાભ મળી શકશે. શેનઝેન વિઝા યુરોપિયન યુનિયનના ૨૭ દેશોની યાત્રા માટે જારી કરવામાં આવશે.

જર્મનીએ ૯૦ દિવસના શેનઝેન વિઝા માટે પ્રોસેસિંગનો સમય આઠ સપ્તાહ સુધી ઘટાડી દીધો છે. જર્મન દૂતાવાસના ઉપપ્રમુખ જ્યોર્જ એન્જવિલરે કહ્યું છે કે આ સમય હજુ પણ ઘટાડવા માટેના પ્રયાસ થઇ રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે જર્મની આવનાર ભારતીય પ્રવાસીઓમાં સતત વધારો થઇ રહ્યો છે.

(માહિતી સંદર્ભ : દિવ્ય ભાસ્કર, તા. ૧૦ ઓગસ્ટ ૨૦૨૩)




# બ્રિટિશ કાઉન્સિલ અને SCOPE વચ્ચે MOU થયા

ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે બ્રિટીશ કાઉન્સીલ અને SCOPE વચ્ચે MOU કરાયા હતા. સ્કોપ દ્વારા બ્રિટિશ કાઉન્સીલ સાથે એગ્રીમેન્ટ કરીને તેની પરીક્ષાઓ તથા ઓનલાઇન ટ્રેનિંગનો લાભ ગુજરાતના વિદ્યાર્થીઓને તથા આમ જનતાને સુપેરે મળી રહે અને માતૃભાષાની સાથે અંગ્રેજી ભાષાનું જ્ઞાન અને સમજણમાં પણ વધારો થાય તે હેતુથી MOU કરવામાં આવ્યા છે. ઓનલાઈન મોડ્યુલ્સ દ્વારા અભ્યાસ કરી સરળતાથી તેની પરીક્ષા આપી શકાશે અને આંતરરાષ્ટ્રીય કક્ષાનું પ્રમાણપત્ર વિદ્યાર્થીઓ તથા ગુજરાતનાં નાગરિકો મેળવી શકશે. આ ઉપરાંત લાભાર્થી માટે તેઓને અનુકૂળ સમય અનુસાર દર મહિને ૨૫ મિનિટના ૪ વેબિનારની સવલત બ્રિટિશ કાઉન્સીલના કુશળ ટ્રેનર્સ દ્વારા આપવામાં આવશે. વર્ષે દુનિયાભરના ૨૦ લાખથી વધુ લોકો તેનો લાભ લે છે. આ પરીક્ષા ૧૫૦થી વધુ દેશોમાં અને વિશ્વભરની ૨૫૦થી વધુ યુનિવર્સિટીઓમાં માન્ય છે. ઇંગ્લિશ સ્કોરની પરીક્ષા વિશ્વભરના શૈક્ષણિક નિષ્ણાતો દ્વારા તૈયાર કરવામાં આવેલ છે, જેનું પરિણામ કોમન યુરોપીયન ફ્રેમવર્ક (CEFR) પર આધારિત છે. ઇંગ્લિશ સ્કોરની પરીક્ષાથી વિદ્યાર્થીઓને જોબ પ્લેસમેન્ટ અને જોબ પ્રોગ્રેસમાં લાભ મળશે.

(Source : https://gujaratinformation.gujarat.gov.in)

# રાજ્યમાં ઓફ શોર વિન્ડ ઇલેક્ટ્રિસિટી ઉત્પાદન થશે



રાજ્યમાં ઘણા સ્થળે પવન ચક્કીથી ઊર્જા મેળવવામાં આવે છે ત્યારે દરિયામાં પવનનું પ્રમાણ વધારે હોવાથી હવે કેન્દ્ર સરકાર દ્વારા ઓફ શોર વિન્ડ પ્રોજેક્ટ નાખવામાં આવશે. આ માટે ગુજરાત અને તામિલનાડુની પસંદગી થઈ છે અને ટૂંક સમયમાં પ્રોજેક્ટને અંતિમ સ્વરૂપ અપાશે. ગુજરાતના ૧૬૦૦ કિમી લાંબા દરિયા કિનારાનો લાભ લઈ વીજળી ઉત્પાદન કરી શકાય તે માટે પોરબંદર, દ્વારકા અને ખંભાતના અખાતમાં આ પ્રોજેક્ટ નાખવામાં આવશે.

(માહિતી સંદર્ભ : દિવ્ય ભાસ્કર, તા. ૨ ઓગસ્ટ ૨૦૨૩)

# પાંચ વર્ષમાં સ્ટાર્ટઅપ્સે ૬.૬૨ લાખ કરોડના રોકાણની ઇચ્છા દર્શાવી, ગુજરાત દેશમાં પ્રથમ




સ્ટાર્ટઅપ માટે મજબૂત ઈકોસિસ્ટમ સ્થાપિત કરવામાં તેમજ ઉદ્યોગ સાહસિકોને જરૂરી તમામ સેવાઓ પ્રદાન કરવામાં ગુજરાત મોખરે રહ્યું છે. ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રી એન્ડ ઇન્ટરનલ ટ્રેડ (ડીપીઆઈઆઈટી)એ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ વિકસિત કરવા તેમજ ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપવા લેવાયેલાં પગલાંના આધારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને રેન્ક આપ્યા છે, જેમાં ગુજરાતે પ્રથમ સ્થાન મેળવ્યું છે. રેન્કિંગ આપવા પાછળનો મુખ્ય હેતુ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ માટે પ્રયત્નશીલ બનાવવાનો તેમજ શ્રેષ્ઠ નીતિઓ દ્વારા મદદરૂપ થવાનો છે. છેલ્લાં પાંચ વર્ષમાં ગુજરાતમાં સ્ટાર્ટઅપ્સે કુલ ૬,૬૨,૦૬૩ કરોડના ઇન્વેસ્ટમેન્ટની ઇચ્છા દાખવી છે. રાજ્યમાં સ્ટાર્ટઅપ ઇન્વેસ્ટમેન્ટમાં છેલ્લાં પાંચ વર્ષમાં ૨૩ ટકાનો વધારો નોંધાયો છે.

## ૨૦૨૨ સુધી ૧ લાખ કરોડના રોકાણની અરજીઓ આવી

રાજ્યમાં ઇન્વેસ્ટમેન્ટ માટે અનુકૂળ વાતાવરણ છે. ૨૦૧૮ની સરખામણીમાં ૨૦૨૨માં ૨૩ ટકા જેટલો વધારો થયો છે. ૨૦૧૮માં સ્ટાર્ટઅપની ઇચ્છા ધરાવતા લોકોએ કુલ ૭૯,૪૩૩ કરોડના ઇન્વેસ્ટમેન્ટની ઈચ્છા દર્શાવી હતી, જે ડિસેમ્બર ૨૦૨૨ સુધીમાં વધી ૧,૦૦,૦૮૯ કરોડે પહોંચી છે. ઉપરાંત ૨૦૧૯માં ૩,૪૩,૮૩૪ કરોડ, ૨૦૨૦માં ૪૬,૧૪૧ કરોડ અને ૨૦૨૧માં ૯૨,૫૬૬ કરોડના ઇન્વેસ્ટમેન્ટની ઇચ્છા સ્ટાર્ટઅપ્સ દર્શાવી ચૂક્યા છે.

## દેશભરમાં ડિસેમ્બર-૨૨ સુધી ૪.૨૪ લાખ કરોડનું રોકાણ!

સમગ્ર દેશમાં ડિસેમ્બર ૨૦૨૨ સુધી સ્ટાર્ટઅપ્સે ૪,૨૪,૧૦૧ કરોડના રોકાણની ઇચ્છા દર્શાવી હતી. તેમાંથી સૌથી વધુ ૧,૦૦,૦૮૯ કરોડનું ઇન્વેસ્ટમેન્ટ ગુજરાતમાં કરવા માગે છે. એટલે કે દેશમાં કુલ ૧૦૦ ટકા ઇન્વેસ્ટમેન્ટ થાય તો તેમાંથી ૨૩ ટકા રોકાણ ગુજરાતમાં કરવા ઇચ્છે છે.

## 3 વર્ષમાં NID અમદાવાદમાં ૨૭૦ કરોડની ગ્રાન્ટ અપાઇ

ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (ડીપીઆઈઆઈટી) દ્વારા નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઇનિંગ (NID)ને છેલ્લા ત્રણ વર્ષમાં ૨૭૦ કરોડની ગ્રાન્ટ અપાઈ છે, જેનો મુખ્ય હેતુ યુવા વિદ્યાર્થીઓને આંત્રપ્રિન્યોરશીપ માટે આકર્ષી સ્ટાર્ટઅપ પ્રત્યે પ્રોત્સાહિત કરવાનો છે. NIDને વર્ષ ૨૦૧૯-૨૦માં ૯૪.૮૨ કરોડ, ૨૦૨૦-૨૧માં ૬૬.૦૨ કરોડ અને ૨૦૨૧-૨૨માં ૧૦૮.૪૯ કરોડની ગ્રાન્ટ અપાઈ છે.

(Source : www.divyabhaskar.co.in)

# બિનનિવાસી ગુજરાતીઓનું સ્વાતંત્ર્ય સંગ્રામમાં યોગદાન

ગુજરાતે જે મહાનાયકો આપ્યા તેમાં મહાત્મા ગાંધી અને પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા બંનેનો અભ્યાસ લંડનમાં થયો હતો. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાથી સત્યાગ્રહની શરૂઆત કરી અને ભારત આવ્યા. શ્યામજીએ બ્રિટન પસંદ કર્યું, ઈન્ડિયા હાઉસ સ્થાપ્યું, ક્રાંતિકારોને એકત્રિત કર્યા, ઇન્ડિયન સોસ્યોલોજિસ્ટ અખબાર શરૂ કર્યું અને દુનિયાના દેશોમાં ભારતની આઝાદીના જંગનો માહોલ રચ્યો. આયર્લેન્ડ, ઈજિપ્ત, ફ્રાન્સ, જર્મની, રશિયા, થાઈલેન્ડ, અફઘાનીસ્તાન, ચીન સુધી ભારતની સ્વતંત્રતાની વાત પહોંચી. રશિયન સાહિત્યકાર મેકઝીમ ગોર્કીએ લખ્યું: શ્યામજી, તમે ભારતના મેઝીની છો... મેડમ કામા, સરદારસિંહ રાણા, વીર સાવરકર, લાલા હરદયાલ, વીરેન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય અને મદનલાલ ધિંગરા જેવા ક્રાંતિના મહાનાયકો લંડનમાં જ્યાં સક્રિય હતા તેવા હાઇ ગેટ પરનું ઈન્ડિયા હાઉસ, શ્યામજીનું નિવાસસ્થાન, ઇમ્પિરિયલ ઇન્સ્ટિટ્યૂટ, વિક્ટોરિયા રેલવે સ્ટેશન, પેન્તોવિલા જેલ, ઈન્ડિયા લાઈબ્રેરી જેવા સ્થાનો ૧૯૦૫થી ૧૯૨૨ સુધીની જ્વલંત ગાથા સંભળાવે છે. મહારાજા સયાજીરાવ ગાયકવાડ જ્યારે યુરોપના પ્રવાસે આવ્યા ત્યારે બ્રિટિશ સરકારે કડક સૂચના આપી હતી કે આ ૫૦ ખતરનાક લોકોને મુલાકાત આપશો નહિ. તે બધા ગુજરાતીઓ હતા અને સ્વદેશની ચળવળમાં સામેલ હતા.


બીજો ગુજરાતી હતો, છગન ખેરજ વર્મા અર્થાત ખેમરાજ દામજી અર્થાત હુસેન રહીમ. બ્રિટિશ અને અમેરિકન દસ્તાવેજો પ્રમાણે આ પોરબંદરનો રઘુવંશી યુવાન આવ્યો હતો વેપાર કરવા, પણ વેનકોવરમાં શીખ બહાદુરોની સાથે ભળ્યો, સાન ફ્રાન્સિસ્કોમાં લાલા હરદયાલ યુગાંતર આશ્રમ સ્થાપિત કર્યો, જ્યાં સ્વતંત્રતાનો પ્રચાર થતો. છગને ત્યાંના 'ગદર' ગુજરાતી અખબારનું તંત્રીપદ સંભાળ્યું. જાન્યુઆરી ૧૯૧૪ના પહેલા અંકમાં તેણે તંત્રીલેખમાં લખ્યું કે સમાજ અને દેશમાં પરિવર્તન લાવવું હોય તો માત્ર તેની દૂધભાષા-માતૃભાષાથી જ થશે! કોમગાટામારૂ જહાજના શીખ ભારતીયોની કાનૂની લડાઈ વેનકોવરમાં તેણે ચલાવી અને છેક સીંગાપુર જઈને બ્રિટિશ સેનાના ભારતીય સૈનિકોને આઝાદી વિપ્લવ માટે ઉદ્દબોધન કર્યું એટલે પકડાયો અને ફાંસીના માચડે ચડી ગયો. ફાંસી પર ચડેલો તે એકમાત્ર ગુજરાતી પત્રકાર.

લંડનમાં બેસીને ઇન્દુલાલ યાજ્ઞિકે ૧૯૩૫માં શ્યામજી કૃષ્ણવર્માનું પહેલું જીવન ચરિત્ર અંગ્રેજીમાં લખ્યું. ૧૯૫૦માં તે પ્રકાશિત થયું. ૨૦૦૨ પછી તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી જીનીવા જઈને શ્યામજીના સાચવી રાખેલા અસ્થિ લાવ્યા અને કચ્છ માંડવીમાં મોટું સ્મારક 'ક્રાંતિ તીર્થ' ઊભું કર્યું.

લંડનમાં ગુજરાતી ક્રાંતિકારો ઈન્ડિયા હાઉસના તેજનક્ષત્રો હતા. દાદાભાઈ નવરોજી અને તેમની પૌત્રી કેપ્ટન પેરીન. નીતિસેન દ્વારિકદાસ, મંચેરશા બરજોરજી, પી. ગોદરેજ, દીપચંદ ઝવેરી, ડૉ. એસ. ડી. ઓઝા, માણેકશા સોરબજી, જેઠાલાલ મોતીલાલ પરીખ, પ્રાણજીવન મહેતા, નટવરલાલ વિનાયક આચાર્ય, એમ.એસ. અનસારી, ચતુર્ભુજ અમીન, આ બધા લંડનની ધરતી પર ભારતની સ્વાતંત્ર્ય ચળવળ ચલાવતા. પેરિસથી સરદારસિંહ રાણા અને મેડમ કામા પ્રચંડ સેનાનીઓ હતા.

(Source : www.gujarat-samachar.com)

# ગુજરાતમાં સર્જાયેલો જલિયાવાલા બાગ કરતાં પણ ભયાનક હત્યાકાંડ




ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના પાલ અને દઢવાવ ગામમાં અંગ્રેજોએ જલિયાવાલા બાગ કરતા પણ વધુ ભીષણ હત્યાકાંડ સર્જ્યો હતો જેમાં ૧૨૦૦ જેટલા આદિવાસી શહીદ થયા હતા. ૭ માર્ચ ૧૯૨૨ના રોજ ગુજરાતના અંતરિયાળ વિસ્તાર સાબરકાંઠા જિલ્લામાં ભીલ આદિવાસીઓની વસ્તીવાળા ગામો પાલ, દઢવાવ, ચિતરીયાના ત્રિભેટે હેર નદીના કાંઠે ભીલ આદિવાસીઓ જમીન મહેસુલ વ્યવસ્થા, જાગીરદારો અને રજવાડાના કાયદાઓનો વિરોધ કરવા શ્રી મોતીલાલ તેજાવતના નેતૃત્વમાં એકત્ર થયા હતા.

આદિવાસી બહુમતીવાળા કોલિયારી ગામમાં, વણિક પરિવારમાં જન્મેલા મોતીલાલ તેજાવત સાહસિક અને સ્વાભિમાની વ્યક્તિ હતા જેમણે આદિવાસીઓ પર થતા બેસુમાર અત્યાચાર અને શોષણના વિરોધમાં અવાજ ઉઠાવ્યો હતો. આદિવાસી કિસાનોમાં એકતા માટે, તેમનામાં રહેલા સામાજિક દૂષણોને નાથવા માટે મોતીલાલ તેજાવતે પ્રયત્નો કર્યા હતા. બ્રિટિશ તંત્ર અને દેશી રજવાડાઓને મોતીલાલ તેજાવતના નેતૃત્વમાં ભીલ આદિવાસીઓની એકતા અને પ્રવૃતિઓ વિઘાતક લાગી હતી.

૧૯૨૦માં ગાંધીજીએ અસહકાર આંદોલનની શરુઆત કરી. ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં, અરવલ્લીની ગિરિમાળાઓમાં ખુમારીભર્યું જીવન જીવતા ભીલ આદિવાસીઓમાં પણ અંગ્રેજો અને સામંતોના શોષણ, આકરા વેરા તથા વેઠપ્રથા સામે વિરોધનો સૂર પ્રગટ્યો હતો. હોળીના દિવસો નજીક હતા, તે દિવસે આમલકી અગિયારસ હતી, 'કોલિયારી ગાંધી' તરીકે ઓળખાતા મોતીલાલ તેજાવતના નેતૃત્વમાં આઝાદી ઝંખતા આદિવાસીઓ જંગી સભા સ્વરૂપે ભેગા થયા હતા. ત્યાં જ મેવાડ ભીલ કોર્પ્સ (એમબીસી) નામના બ્રિટિશ અર્ધ લશ્કરી દળના હથિયારબંધ જવાનો જરામરાની ટેકરીઓ પર ગોઠવાઈ ગયા. અંગ્રેજ ઓફિસર મેજર એચ.જી. સટર્ને હજારોની સંખ્યામાં એકત્ર થયેલા આદિવાસીઓ પર ગોળીબાર કરવાનો આદેશ આપ્યો. લગભગ ૧૨૦૦ જેટલા નિર્દોષ આદિવાસીઓ ગોળીએ વિંધાઈ ગયા. બાજુમાં આવેલા ઢેખડીયા કૂવા અને દુધિયા કૂવા નિર્દોષ આદિવાસીઓના મૃતદેહોથી ઉભરાઈ ગયા હતા.

આજે પણ આ વિસ્તારના આદિવાસીઓ પોતાના લગ્ન ગીતોમાં આ ઘટનાના ગાણા ગૌરવભેર ગાય છે. જલિયાવાલા બાગની ઘટનાના ત્રણ વર્ષ પછી ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં બનેલી આ ભીષણ ઘટનાને ઈતિહાસે ભૂલાવી દીધી હતી. પણ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે ઈતિહાસના આ પૃષ્ઠને વિશ્વ સમક્ષ ઉજાગર કર્યું હતું. આજે આ વિસ્તારમાં શહીદ સ્મૃતિ વન અને શહીદ સ્મારક આ હત્યાકાંડના સાક્ષી સમા ઉભા છે.

(Source : https://ddnewsgujarati.com)



# રાજ્યમાં 'કારવા કેમ્પિંગ પાર્ક' યોજના અમલી થશે

ગુજરાત સરકાર અત્યારે મૂડીરોકાણ અને રોજગારી વધારવાના આશયથી ટૂરિઝમ ક્ષેત્રને વધુ પ્રમોટ કરી રહી છે. જેમાં હાલના તબક્કે સરકારના પ્રવાસન વિભાગ અંતર્ગત 'કારવા કેમ્પિંગ પાર્ક' બનાવવાની યોજના ઉપર ગંભીરતાથી વિચારાઈ રહ્યું છે. આ માટે શિવરાજપુર બિચ, સાપુતારા, દાંડી બિચ અને સાપુતારા જેવા ચાર પ્રવાસન સ્થળોને અલગ તારવીને પ્રાથમિક તબક્કે અહીં 'કારવા કેમ્પિંગ પાર્ક' તૈયાર કરવાની દિશામાં કાર્યવાહી હાથ ધરાઈ રહી છે. રાજ્ય સરકાર દ્વારા વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટ અગાઉ આ અંગેની એક નવી નીતિ પણ આકારી પામી રહી છે. પ્રથમ તબક્કામાં સફળતા બાદ રાજ્યના મહત્ત્વના પ્રવાસન સ્થળોએ આ 'કારવા કેમ્પિંગ પાર્ક'ની યોજના અમલમાં મૂકાશે.

ગુજરાતમાં પ્રથમવાર જ અમલમાં મૂકાનારી આ યોજના અંગે રાજ્યના પ્રવાસન મંત્રી મૂળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં એવા ૫-૭ ધાર્મિક અને ફરવાલાયક સ્થળો છે કે જ્યાં મોટા પ્રમાણમાં દેશી-વિદેશી પ્રવાસીઓ આવતાં હોય છે. તેમને વધુને વધુ આકર્ષી શકાય અને તેમના દ્વારા રોજગારીની તકો ઉપલબ્ધ કરાવી શકાય તે માટે વિદેશની જેમ કારવા પ્રોજેક્ટને અમલી બનાવવાની દિશામાં સરકાર વિચારણા કરી રહી છે. રાજ્યમાં હાલ ચાર વ્યક્તિઓ પાસે આવા કારવા છે. તેમને સરકાર દ્વારા બોલાવીને મીટિંગ કરાશે અને આવા કારવા માટે રોડ-રસ્તા, વીજળી, પાણી સહિતની સુવિધાઓની જાણકારી મેળવીને નવી નીતિ જાહેર કરાશે અને તે મુજબ આ કારવા પ્રોજેક્ટ અને તેના અનુસંધાને આ 'કારવા કેમ્પિંગ પાર્ક'ની યોજના અમલમાં મૂકાશે.

ગુજરાતમાં કારવા પ્રોજેક્ટ, 'કારવા કેમ્પિંગ પાર્ક' યોજના પ્રથમ કોન્સેપ્ટ છે જેના અંતર્ગત NRIs અને વિદેશી પ્રવાસીઓ પર નજર રાખવામાં આવશે. તેને પીપીપી મોડલ હેઠળ વિકસાવવામાં આવશે અને પ્રવાસ-રહેઠાણના આ વાહનને સંપૂર્ણ રીતે રસોડા, શૌચાલય અને શયનખંડ સહિતની વૈભવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે. આ માટે નિયત કરાયેલા સ્થળો પર કેરેવાન પાર્ક કરવા માટેનાં પાર્કિંગ સ્ટેન્ડ તૈયાર કરવામાં આવશે.

(Source : https://navgujaratsamay.com)

# ઈન્ડિયા ટુરિઝમ સ્ટેટિસ્ટિક્સ-૨૦૨૩ રિપોર્ટ જાહેર : વિદેશી પ્રવાસીઓની દ્રષ્ટિએ ગુજરાત ભારતમાં પ્રથમ સ્થાને

કેન્દ્ર સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા ઈન્ડિયા ટુરિઝમ સ્ટેટિસ્ટિક્સ-૨૦૨૩ના અહેવાલ મુજબ વિદેશી પ્રવાસીઓની દૃષ્ટિએ ગુજરાતે ભારતમાં પ્રથમ સ્થાન અને સ્થાનિક પ્રવાસીઓની સંખ્યામાં પાંચમું સ્થાન પ્રાપ્ત કર્યું છે. રિપોર્ટ પ્રમાણે વર્ષ ૨૦૨૨માં ૮૫.૯ લાખ વિદેશી પ્રવાસીઓએ ભારતની મુલાકાત લીધી હતી. જેમાંથી ૧૭.૮ લાખ પ્રવાસીઓ ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. એટલે કે વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં ગુજરાતનો હિસ્સો દેશમાં ૨૦.૭૦% સાથે સૌથી વધુ રહ્યો છે.



એ જ પ્રમાણે વર્ષ ૨૦૨૨માં ૧૭૩.૧૦ કરોડ સ્થાનિક પ્રવાસીઓએ દેશના વિવિધ રાજ્યોની મુલાકાત લીધી હતી. જેમાંથી ૧૩.૫૮ કરોડ પ્રવાસીઓ ગુજરાતની મુલાકાતે આવ્યા હતા એટલે કે સ્થાનિક પ્રવાસીઓની સંખ્યામાં ગુજરાતનો હિસ્સો ૭.૮૫% સાથે દેશમાં પાંચમા સ્થાને રહ્યો છે.

રાજ્યના પ્રવાસન વિભાગના જણાવ્યા અનુસાર ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રે ગત વર્ષોમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રવાસનને એક મિશન મોડ તરીકે લેવાના અનુરોધના ભાગરૂપે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં પ્રવાસન ક્ષેત્રે કરવામાં આવેલી વિવિધ પહેલો તેમજ પ્રવાસન ક્ષેત્રના સર્વાંગી વિકાસના પરિણામે આજે ગુજરાત પ્રવાસીઓને આકર્ષવામાં સફળ રહ્યું છે.

પ્રવાસન વિભાગ દ્વારા ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને ગુજરાતમાં આવતાં પ્રવાસીઓ માટે અનેકવિધ ડિજિટલ પ્લેટફોર્મ વિકસાવવામાં આવ્યા છે. જેના ભાગરૂપે પ્રવાસન દ્વારા મહત્વનું એવું ATITHYAM પોર્ટલ પ્રકારનું પ્લેટફોર્મ વિકસાવવામાં આવ્યું છે. ગુજરાત આ પ્રકારનું પ્લેટફોર્મ વિકસાવનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. આ પોર્ટલ ગુજરાતમાં આવતાં પ્રવાસીઓની સંખ્યાને ટ્રેક કરવા માટેનું રીઅલ-ટાઇમ ડેશબોર્ડ છે. સમગ્ર રાજ્યમાં પ્રવાસીઓની સંખ્યા મોનિટર કરવા આ એક મહત્વનું પ્લેટફોર્મ છે.

ગુજરાતમાં રોજગારીનું પ્રમાણ વધે અને પ્રવાસીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા પ્રવાસનની કેટેગરી મુજબ અનેકવિધ નવા પગલાં ભરવામાં આવ્યા છે. વિવિધ પ્રોજેક્ટના પરિણામ સ્વરૂપે ભારત સહિત સમગ્ર વિશ્વના પ્રવાસીઓને આકર્ષવામાં સફળતા મળી રહી છે. પ્રવાસન ક્ષેત્રે ભવિષ્યમાં વધુ સારું રેન્કિંગ જાળવી રાખવા રાજ્ય સરકાર સંપૂર્ણ કટિબદ્ધ છે તેમ, પ્રવાસન વિભાગ દ્વારા જણાવાયું છે. (Source : https://gujaratinformation.gujarat.gov.in)

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યના પ્રવાસન ક્ષેત્રમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ

# ઓખા-બેટ દ્વારકા 'સિગ્નેચર બ્રીજ'



રાજ્યના ઐતિહાસિક અને પ્રવાસનની દૃષ્ટિએ મહત્વપૂર્ણ કેન્દ્રોના વિકાસ માટે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં, રાજ્ય સરકારે વિવિધ યોજનાઓ અને મહત્વપૂર્ણ પ્રોજેક્ટ અમલમાં મૂક્યા છે. તેમાંથી એક છે, ઓખાથી બેટદ્વારકાને જોડતો 'સિગ્નેચર બ્રીજ', જે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ છે.

ઓખાથી બેટદ્વારકા જવા માટે અત્યારે ફેરીબોટની મદદથી જવું પડે છે, પરંતુ હવે રૂ. ૯૭૮ કરોડના ખર્ચે આ 'સિગ્નેચર બ્રીજ' બનવા જઇ રહ્યો છે. ઓખાથી બેટદ્વારકા વચ્ચે ૨૩૨૦ મીટરની લંબાઇના આ બ્રીજનું નિર્માણ ચાલી રહ્યું છે, જેના માટે દરિયાઇ બાજ ક્રેનથી સમુદ્રમાં ૩૮ પિલર ઊભાં કરવામાં આવ્યાં છે. માર્ચ ૨૦૧૮માં કામગીરી શરૂ થઇ ત્યારથી આજ દિન સુધીમાં આ બ્રીજની ૯૨ ટકા ભૌતિક કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. ઓક્ટોબર ૨૦૨૩ના અંત સુધીમાં આ બ્રીજ પૂર્ણ થાય તેવી તૈયારી છે.

(Source : https://gujaratinformation.gujarat.gov.in)

### વિશેષતાઓ

- બ્રીજની લંબાઇ ૨૩૨૦ મીટર રહેશે, જેમા ૯૦૦ મીટર કેબલ સ્ટેયડ ભાગ રહેશે.
- ઓખા અને બેટ દ્વારકા બન્ને બાજુ થઇ ૨૪૫૨ મીટર એપ્રોચ રોડ બનાવવામાં આવશે.
- બ્રીજના મુખ્ય ગાળાની લંબાઇ ૫૦૦ મીટર છે જે ભારત દેશમા સૌથી વધુ લંબાઈ ધરાવતો ગાળો છે.
- વાહનો પાર્ક કરવા ઓખા તરફ પાર્કિંગ બનાવવામાં આવશે.
- બ્રીજના મુખ્ય ગાળામાં ૧૩૦ મીટર ઊંચાઇ ધરાવતા બે પાયલોન છે.
- આ ચાર માર્ગીય બ્રીજની પહોળાઈ ૨૭.૨૦ મીટર છે, જેમાં બન્ને બાજુ ૨.૫૦ મીટરના ફૂટપાથ બનાવવામાં આવશે.
- ફૂટપાથ ઉપર લગાવેલ સોલાર પેનલથી ૧ મેગાવોટ વિજળીનું ઉત્પાદન થશે, જેનો ઉપયોગ બ્રીજ પરની લાઇટીંગ માટે કરવામાં આવશે. વધારાની વીજળી ઓખા ગામની જરૂરિયાત માટે આપવામાં આવશે.
- બ્રીજ પર કુલ ૧૨ લોકેશન પર પ્રવાસીઓ માટે વ્યુ ગેલેરીનું આયોજન કરવામાં આવેલ છે.
- બ્રીજ પર રાત્રિ દરમ્યાન ડેકોરેટીવ લાઇટીંગની વ્યવસ્થા કરવામાં આવશે.

## જામનગરના બાલા હનુમાન મંદિરની અખંડ રામધૂનનો ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ

જામનગર શહેરની મધ્યમાં આવેલ લાખોટા તળાવની પાળે આવેલા શ્રી બાલા હનુમાન મંદિરમાં ચાલી રહેલી અખંડ રામધૂનના ૫૯ વર્ષ પૂર્ણ થયા બાદ ઓગસ્ટ મહિનાના પ્રારંભે ૬૦મા વર્ષમાં મંગલ પ્રવેશ થયો છે. આ પ્રસંગે બાલા હનુમાન મંદિર ખાતે વિશિષ્ટ રામધૂન અને મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી બાલા હનુમાન મંદિરમાં ૧ ઓગસ્ટ ૧૯૬૪ના રોજ વિશ્વ કલ્યાણની ભાવનાથી પ્રેમભિક્ષુજી મહારાજ દ્વારા અખંડ રામધૂનના જાપ શરૂ કરવામાં આવ્યા હતા, જે આજ સુધી અવિરતપણે ચાલુ છે. કોઈપણ કપરી પરિસ્થિતીમાં એક ક્ષણ પણ રામધૂન બંધ રહી નથી. વાવાઝોડું, ભૂકંપ, ભારત-પાકિસ્તાનનું યુદ્ધ કે કપરા કોરોના કાળમાં પણ રામધૂન અવિરતપણે ચાલુ રહી છે. આ રામધૂનને ૨૧,૫૦૦થી પણ વધુ દિવસો થયા છે અને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પણ તેનું નામ નોંધાઈ ચૂક્યું છે. અખંડ રામનામના મંત્રના નાદઘોષથી બાલા હનુમાન મંદિર અવિરત ગુંજતુ રહે છે.

(Source : www.divyabhaskar.co.in)

